P.R.O

# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪)ના નં-૨ ની કલમ-૧૪૪ અન્વયે થયેલ હુકમ

## ક્રમાંક : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૬૯-/૨૦૧૯

ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪,તા.૦૮/૧૦/૧૩ સચિવાલય ગાંધીનગર નાઓના રાજ્યમાં શોપીંગમૉલની સુરક્ષા બાબતનાં આદેશ અન્વયે .

ભુતકાળમાં કેન્યા ખાતે મૉલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ, જેમાં ગુજરાત સહિત દેશના ઘણા નાગરિકોના અકાળે મૃત્યુ થયેલ. વિશ્વના અન્ય દેશોમાં પણ આવા આંતકવાદી હુમલાઓ થયેલ છે. અમદાવાદ શહેરમાં આવા આંતકવાદી હુમલાઓની શક્યતાઓ નકારી શકાય નહી. જેથી અમદાવાદ શહેરમાં આવેલ તમામ શોપીંગમૉલની પુરતી અને સુદ્રઢ સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા તેમજ સંપુર્ણ તકેદારી રાખવી જરૂરી જણાય છે.

આથી, હું એ.કે.સિંઘ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સીઆરપીસી-૧૯૭૩ (૧૯૭૪) નં-૨ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ તમામ શોપીંગ મૉલના માલિકો/પ્રબંધકોએ તેમના શોપીંગ મોલમાં નીચે જણાવેલ પ્રમાણે ચુસ્ત અને સુદ્રઢ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવી:

(૧) મૉલના પાર્કિંગ અંદર પ્રવેશતા તમામ વાહનો (ટુ વ્હીલર/ ફોર વ્હીલર વિગેરે) નુ ઉંડાણપુર્વક ચેકિંગ કરવુ. ચેકિંગમાં અંડર વ્હીકલ સર્ચ મિરર/વ્હીકલ સ્કેનર વિગેરેનો પણ ઉપયોગ કરવો.

(૨) મૉલમાં પ્રવેશતા તમામ વ્યક્તિઓનુ ચેકિંગ કરવુ. ચેકિંગ માટે DFMD/HHMD વિગેરેનો ઉપયોગ કરવો સાથે જ તમામ પ્રવેશનારાઓને ફિઝીકલ ફ્રિસ્કિંગ કરવુ. મહિલાઓના ચેકિંગ માટે અલાયદા એન્કલોઝર બનાવવા. કોઇપણ વ્યક્તિ હથિયારો (ગન/ચપ્પુ વિગેરે) તેમજ એક્સ્પ્લોઝિવ પદાર્થો સાથે મૉલ પરિસરમાં પ્રવેશ ન કરે તેની તકેદારી રાખવી.

(૩) મૉલમાં પ્રવેશ કરનારા તમામ વ્યક્તિઓના સામાન/ હેન્ડ બેગ વિગેરે તપાસ માટે બેગેજ સ્કેનર મશીનનો ઉપયોગ કરવો. મોલમાં પ્રવેશતા તમામ માલ-સામાન (Goods) નો એન્ટી સબોટેજ ચેકિંગ કરાવવુ તેના માટે બેગેજ સ્કેનર મશીનનો ઉપયોગ કરવો.

(૪) મૉલમાં Explosive જેવા પ્રતિબંધિત પદાર્થ ના આવે તે અંગેની ચકાસણી માટે તેમજ પાર્કિંગ સ્થળો/ બેસમેંટ ની નિયમિત એન્ટી સબોટેજ ચેકિંગ માટે એક્સ્પ્લોઝિવ ડિટેક્શનના સાધનો વસાવવા તેમજ સ્નીફર ડોગનો ઉપયોગ કરવો.

(૫) દરેક મૉલના તમામ Entry/Exit ગેટો/ સર્વિસ ગેટો/ ઇમરજન્સી ગેટો ઉપર તથા સમગ્ર પેરીમીટર વિસ્તારમાં 24×7 “સીમલેસ ઇલેક્ટ્રોનિક સર્વેલન્સ” માટે પુરતી સંખ્યામાં ઉચ્ચ ગુણવતા વાળા હાઇ રિઝોલ્યુશન, color - Image, I.P. Based, Night vision સુવિધાવાળા CCTV કેમેરા લગાડવા, જેની ડેટા સ્ટોરેજ કેપેસિટી ન્યૂનતમ ૧૫ દિવસ હોવી જોઇએ.CCTV ફુટેજની મૉનીટરિંગ માટે એક કંન્ટ્રોલ રૂમ હોવો જોઇએ જે 24×7 કાર્યરત રહેશે.

(૬) જ્યારે જ્યારે મૉલની માલિકી બદલાય ત્યારે નવા માલિકને પણ ઉચ્ચ ગુણવતાવાળી સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખવાની રહેશે. મૉલની માલિકીની ફેરબદલી ની જાણકારી અત્રેની કચેરીની સ્પેશ્યલ બ્રાંચમાં દિવસ ૦૭માં બિનચુક આપવાની રહેશે.

(૭) મૉલની સુરક્ષા માટે સિક્યુરિટી માટેના અધતન માનકો અને નિયમોના જાણકાર તથા પ્રશિક્ષિત સિક્યુરિટી ગાર્ડને રાખવાના રહેશે.

આ હુકમ તા.૦૪/૦૬/૨૦૧૯ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૨/૦૮/૨૦૧૯ ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરું છું. આ હુકમની જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી તથા નાયબ પોલીસ કમિશનરશ્રી તથા પોલીસ કમિશનરશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ આ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૦૩/૦૬/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અ'વાદ.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬)ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટર-૧,૨/ ક્રાઇમ બ્રાન્ચ/ મુખ્ય મથક /ટ્રાફીકશાખા,અ,વાદ શહેર.